

# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : reveskant1964@gmail.com** **Pastor : Rev. Dr. Emanuel S. Kant**

**Visit us at : www.shahpurmethodistchurch.com** **(M) 8780130474**

**વર્ષ - ૫૪** **જૂન - ૨૦૨૫** **પત્ર - ૧૪૨**

મંડળીનાં સર્વ વ્હાલા ભાઈ-બહેનો
ઉદ્ધારક ઈસુનાં નામમાં પ્રેમી સલામ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં સ્વર્ગારોહણ બાદ અગત્યની ઘટના મંડળીનાં સંદર્ભમાં બની. 'પચાસમાંનો દિવસ' તરીકે આપણે ઓળખીએ છીએ. ખ્રિસ્તનાં શિષ્યો અને તેનાં શરૂઆતનાં અનુયાયીઓ ઉપર જ્યારે તેઓ ફીસ્ટ અઠવાડિયાની ઉજવણી માટે યરૂશાલેમમાં હતા ત્યારે આ ઘટના બને છે. પ્રેરિતોના કૃત્યોમાં ખ્રિસ્તી વિશ્વાસને માટે આ અગત્યની ઘટનાનું વર્ણન કરવામાં આવેલું છું. પ્રે.કૃ. ૨:૧-૩૧.

આપણને સ્વભાવિક પ્રશ્ન થાય કે શા માટે, ૫૦ દિવસ બાદ ? યહુદીઓમાં જ્યુબિલી વર્ષની ઉજવણી દરમ્યાન ગુલામોને કેદીઓને છોડી દેવામાં આવતા હતા. દેવું માફ કરવામાં આવતું હતું. ઈશ્વરની દયાને માટે આભાર માનવામાં આવતો હતો. નવા કરારમાં ઈસ્ટર પછીનો ૫૦મો દિવસ પેન્ટીકોસ્ટ ગ્રીકમાં પચ્ચાસ તે અર્થ થાય છે. પચ્ચાસ દિવસ તે નવા જીવનના પ્રથમ દિવસને ઈશ્વરનાં દૈવી વચનોની પરિપૂર્ણતા પ્રગટ કરે છે. એટલા માટે ઈશ્વરનો હેતુ તેની મંડળીને સજ્જ કરવા તે તેનું સામર્થ્ય પવિત્રઆત્મા દ્વારા જે પવિત્રઆત્માનાં અનુભવમાં આવીને આપણે જગતનાં સર્વને માટે સાક્ષીરૂપ બનીએ.

જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પૃથ્વી ઉપર આવવું, તે શુભસમાચાર ગણાય છે તે મુજબ પચ્ચાસમાનો દિવસ વિશ્વભરની મંડળીઓ માટે શુભ સમાચાર છે. પચ્ચાસમાના દિવસે પિત્તરની સામે જે લોકો હતા, તેમને પ્રશ્નો હતા. આંખમાં આંસુઓ હતા. તેથી તે જે બનાવ પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં હક્કમાં બન્યો તેનું વર્ણન કરે છે. પ્રે.કૃ. ૨:૩૨-૩૩ પ્રભુ ઈસુ ખ્રિસ્તે પૃથ્વી પરની તેમની સેવાઓ દરમિયાન, તેમના બાપ્તિસ્મા સમયે પવિત્ર આત્મા તેમનાં પર આવ્યો. તેમના શિષ્યોને, તેમની પાછળ ચાલનાર સર્વને માટે સ્પષ્ટ કર્યું કે ઈશ્વરને સમજવા સંબંધીત, સંગતમાં રહેવા તમારે તેમને પ્રગટ કરવા દૈવી સામર્થ્યની જરૂર પડશે જે પવિત્ર આત્મા તેમની સેવા દ્વારા ઈશ્વરનું સામર્થ્ય પ્રગટ કર્યું. પિત્તર દ્વારા યોએલ ૨:૩૨નો સંદર્ભ લઈને વાત કરી, પચ્ચાસમાંના દિવસે પવિત્રઆત્મા તે ઈશ્વરની યોજના છે ને તે દિવસ અગત્યનો શ્રેષ્ઠ શુભ સમાચારનો બને છે. જેઓ તેનાં નામનો અંગીકાર કરે છે, તે સર્વનો ઈશ્વરનાં નામમાં બચાવ કરવામાં આવશે. ઈશ્વરની હાજરીનો અનુભવ પવિત્ર આત્મા દ્વારા કરવામાં આવે છે.

પ્રે.કૃ. ૨:૩૭-૩૯ એ આ પ્રમાણે છે. ઈશ્વરનાં નામનો પોકાર કરો. યહુદીઓનાં ને તમામનાં હૃદયો વિંધાઈ ગયા. તેઓએ પિત્તરને, પ્રેરિતોને પ્રશ્ન કર્યો. ભાઈઓ અમે શું કરીએ ? પિત્તરે પ્રત્યુત્તરમાં કહ્યું 'પસ્તાવો કરો ને બાપ્તિસ્મા પામો જેથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં નામમાં તમારા પાપ માફ કરવામાં આવે ને તમને પવિત્રઆત્માની ભેટ મળશે. આપણા ખરાબ કૃત્યોને માટે પસ્તાવો કરીએ. ૫૦માના દિવસે ઘણાને આ પ્રશ્ન હતો કે આ શું છે ? તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થયા અને અન્ય ભાષાઓ બોલવા લાગ્યા. હા, તે જેઓ અન્ય ભાષાઓ બોલતા હતાં તે ત્યાં હાજર રહેલાઓને તેમની ભાષામાં સમજાતુ ને ખબર પડતી હતી. આજ તો પવિત્ર આત્માનું પરાક્રમ છે. આજના સમમયાં કેટલીક સ્વતંત્ર મંડળીઓ, ગ્રુપો ને વ્યક્તિગત સેવાઓ કરતા ઘણાં અન્ય ભાષાઓ બોલે છે. ચોક્કસ, પરંતુ તેઓ જે બોલે છે, તે ત્યાં હાજર રહેલાઓને ક્યારેય સમજાતું કે ખબર પડતી નથી. શું તેને આપણે પવિત્ર આત્માનું સામર્થ્ય કહી શકીએ ? પવિત્ર આત્મા તે આપણાં પાપોનું ભાન કરાવે છે, તે આપણાં પાપને સારું પસ્તાવિક ભાવ હૃદયમાં ઉપજાવે છે. અન્ય ભાષામાં બોલાયેલું આપણી ભાષામાં આપણે સમજી શકીએ છીએ. આપણે જગતનાં લોકો માટે સાક્ષીરૂપ બનવાનું છે.'

તે એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણામાં વસે છે, જેઓ તેના પર વિશ્વાસ રાખે છે, તેનામાં માને છે તેઓ તેના પવિત્ર આત્માનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે (રોમન ૮:૧-૧૧). તેનો પવિત્ર આત્મા આપણને તેના માર્ગમાં ખ્રિસ્તનાં જેવું જીવન જીવવાને તૈયાર કરે છે. જો આપણે પવિત્ર આત્માનું સામર્થ્ય પ્રાપ્ત કરીએ છીએ તો તેનાં માટે સાક્ષીરૂપ બનવાનું છે. પ્રે.કૃ. ૧:૮. આપણી સાક્ષી દ્વારા બીજાને ઉત્તેજન મળે. આપણને BOLDNESS સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પવિત્ર આત્મા દ્વારા મળતી ભેટો અમૂલ્ય સર્વાંગી ને અનોખી છે. તે દ્વારા આપણને અધિકાર પ્રાપ્ત થાય છે. આપણે તેનાં છીએ તેનાં મહિમાને માટે પ્રભુ આપણો ઉપયોગ કરે.

આભાર
**રેવ. ડૉ. ઈમાનુએલ એસ. કાન્ત**
પાળક

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : મે

- તા. ૪, ભજનસેવામાં
- તા. ૧૧, ભજનસેવામાં પ્રભુભોજન પળાવવામાં આવેલ. તેમજ સ્થાનિક મહિલામંડળ દ્વારા 'માતૃદિન'ની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી મીનાબેન જે. રાઠોડ (હબ્રોન ચર્ચ) ભાઈપુરાના સ્વાનુભાવ દ્વારા અદ્દ્ભૂત વચનો આપ્યાં. (અહેવાલ વિસ્તૃત આપેલ છે.)
- તા. ૧૮, વેસ્લી સન્ડે અંગે માહિતી આપી. પાળક ઈશ્વરકૃપાળુ (૨) વિષય આધારિત પ્રભુનું વચન લાવ્યા. શ્રી મનોજકુમાર ચૌહાણની ૭૫મો જન્મદિવસ તેમજ તે, તેમનાં પુત્રવધૂ શ્રીમતી મેરલીન ને પૌત્ર એરીક પરદેશ જતાં હોય આનંદના પ્રસંગે સમગ્ર મંડળી માટે જમણની વ્યવસ્થા તેમના પુત્રવધૂ દ્વારા કરવામાં આવેલ.
- તા. ૨૫, 'આર્લ્સગેટ સન્ડે' પાળક દ્વારા મેથોડિસ્ટ મંડળીના સ્થાપક રેવ. જોન વેસ્લીને થયેલ તારણનો અનુભવ તે આલ્ડર્સગેટ નામની શેરી જોયેલ વિગતે જાણકારી આપી. તેમના દ્વારા ઈશ્વરકૃપાળુ (૩) વિષય આધારિત પ્રભુનું વચન લાવેલ.
- તા. ૨૦, પાળક પ્રભુનું વચન લાવ્યા. ભજનસેવામાં 'એમ્મોસને માર્ગે' વિષય આધારિત.

## મહિલામંડળનો અહેવાલ

તા. ૧૧-૫-૨૦૨૫ના રવિવારે મંડળીમાં મહિલામંડળ દ્વારા માતૃદિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં શ્રીમતી મીનાક્ષીબેન જયંતિભાઈ રાઠોડે વચનની સેવા આપી હતી. માતૃદિનનું લિડીંગ શ્રીમતી મેરેલીનબેન ચૌહાણે કર્યું હતું. દરેક માતાઓને બાળકો દ્વારા ગુલાબનું પુષ્પ આપવામાં આવ્યું હતું. ૬૫ વર્ષથી ઉપરના દરેક બહેનો કલગી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

માતૃદિન નિમિત્તે આઈસ્ક્રીમની વ્યવસ્થા માસ્ટર શેનની વર્ષગાંઠ હોવાથી શ્રીમતી સ્મિતલતાબેન તથા શ્રીમતી યાચનાબેન અને કુટુંબ તરફથી કરવામાં આવી હતી.

માતૃદિન નિમિત્તે પાળક રેવ. ઈમાનુએલ કાન્તસાહેબની દોરવણી અને મહિલામંડળના તમામ બહેનોના સાથ-સહકાર માટે સર્વનો આભાર માનું છું.

**પ્રમુખ**
**શ્રીમતી મંદાકિની પેલ્મોર**

## BIRTHDATE IN JUNE

| | | | |
|---|---|---|---|
| ૧/૬ | હેમલત્તાબહેન એસ. વાઘેલા | ૨૦/૬ | લિન્યસભાઈ એસ. પેલમોર |
| ૨/૬ | શ્રેયા પી. અમીન | ૨૧/૬ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૩/૬ | સ્મિતાબહેન જે. ક્રિશ્ચિયન | ૨૧/૬ | વેનિસા વી. રાઠોડ |
| ૩/૬ | ભારતી એ. ક્રિશ્ચિયન | ૨૧/૬ | કેરોલ ફિલીપ રાઠોડ |
| ૫/૬ | ખ્રિસ્તી મેરેલીન ઈમાનુએલ | ૨૨/૬ | સારાહબહેન એફ. ટેલર |
| ૬/૬ | બ્રાયન ડી. મેકવાન (U.S.A.) | ૨૨/૬ | યશ એસ. ક્રિશ્ચિયન |
| ૧૧/૬ | સુજન નોએલ ક્રિશ્ચિયન | ૨૨/૬ | જોની ડી. ચૌહાણ |
| ૧૬/૬ | સિલીયાબહેન એસ. મેકવાન | ૨૪/૬ | પ્રતિક્ષા એન. પરીખ |
| ૧૬/૬ | તનય એસ. વાઘેલા | ૨૭/૬ | ઓનિલ એ. પેટ્રિક |
| ૧૭/૬ | ખ્રિસ્તી મોનીકા ઈમાનુએલ | ૨૯/૬ | ડીક્સન એ. હેરી |
| ૨૦/૬ | ચિરાગભાઈ જી. વરસડા | ૩૦/૬ | સુનંદાબહેન વી. મેકવાન |
| ૨૦/૬ | ઈન્દુબહેન કે. વિશ્રામ | | |

## આવનાર માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત

- તા. ૧, રવિવાર ભજનસેવા પ્રભુભોજન પળાવવામાં આવશે.
- તા. ૮, રવિવાર 'પચ્ચાસમાનો દિવસ' ભજનસેવા
- તા. ૧૦, જોન વેસ્લીનો જન્મદિવસ (જયંતી)
- તા. ૧૫, રવિવાર ભજનસેવા 'પિતૃદિન'
- તા. ૨૨, રવિવાર ભજનસેવા
- તા. ૨૩, આંતરરાષ્ટ્રીય 'વિધવા દિન'
- તા. ૨૦, રવિવાર ભજનસેવા

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | મનોજકુમાર સી. ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૨. | ઉર્મિલાબેન આર. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| ૩. | રાજેશ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૪. | શોન શેરીલ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૫. | સુલેમાન એસ. ક્રિશ્ચિયન (જેનીટર) | બર્થડે | ૨૦૦ |
| ૬. | મેરેલીન નિલય ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૭. | વિક્ટર વી. મેકવાન | એનિવર્સરી | ૫૦૦ |
| ૮. | વેલેન્ટીના ફ્રાન્સીસ ગોહિલ | બર્થડે | ૨૫૦ |
| ૯. | ક્રિસ્ટીના ફ્રાન્સીસ ગોહિલ | બર્થડે | ૨૫૦ |
| ૧૦. | ઉષા ઈમાનુએલ કાન્ત | એ.ફંડ | ૧૦૦ |

## નોંધ

અમદાવાદ પાળક મંડળ દ્વારા 'પચ્ચાસમાના દિવસની ઉજવણીની ખાસ સભા મહોત્સવ'નું આયોજન કરેલ છે. જે નીચે મુજબ છે.

**તા. ૮ જૂન ૨૦૨૫**
**સમય : સાંજના ૬:૦૦ કલાકે**
**સ્થળ : આઈ.પી.મિશન સ્કુલ કંપાઉન્ડ, રાયખડ, અમદાવાદ**

તમામને માટે ભોજનની વ્યવસ્થા છે.

આભાર
**પાળક**

## નાણાંકીય અહેવાલ એપ્રિલ - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૪-૨૫ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૧૦૫૩૧-૦૦ |
| | બેંક | ૯૪૦૮૭૬-૦૦ |
| **તા.૩૦-૪-૨૫ સુધીની** | આવક | ૧૫૭૭૨૦-૦૦ |
| | કુલ | ૧૧૦૯૧૨૭-૦૦ |
| **તા.૩૦-૪-૨૫ની બંધ સિલક** | | |
| | રોકડ | ૧૬૮૮૯-૦૦ |
| | બેંક | ૫૦૬૩૫૦-૦૦ |
| **તા.૩૦-૪-૨૫ સુધીનો** | ખર્ચ | ૫૮૫૮૮૮-૦૦ |
| | કુલ | ૧૧૦૯૧૨૭-૦૦ |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**